# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, કોઈ પણ દેશે પોતાના સ્વાર્થ માટે ટેક્નોલૉજીનો ઉપયોગ હથિયાર તરીકે ન કરવો જોઈએ.
2) બ્રાઝિલમાં બ્રિક્સ સંમેલનના બીજા દિવસે આજે પર્યાવરણ, COP-30 અને વૈશ્વિક આરોગ્ય પર એક સત્ર યોજાશે. સંમેલન બાદ પ્રધાનમંત્રી મોદી બ્રાસિલિયા માટે રવાના થશે.
3) ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે લોકશાહીના ત્રણ સ્તંભમાં સંતુલન જાળવી રાખવાના મહત્વ પર ભાર આપ્યો.
4) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે કહ્યું, "ઑપરેશન સિંદૂર" બાદ સ્વદેશી ઉત્પાદનોની વૈશ્વિક માગમાં વધારો થયો.
5) દેશમાં આગામી વસતિ ગણતરીના બંને તબક્કામાં સ્વ-ગણતરી માટે એક સમર્પિત વેબ પોર્ટલ ઉપલબ્ધ રહેશે.

............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM CRITICAL MINIERALS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, કોઈ પણ દેશે પોતાના સ્વાર્થ માટે મહત્વના ખનીજ, ટેક્નોલૉજી અને પૂરવઠા શ્રેણીનો ઉપયોગ હથિયાર તરીકે ઉપયોગ ન કરવો જોઈએ.

બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં બ્રિક્સ શિખર સંમેલનમાં સંવાદ સત્રમાં શ્રી મોદીએ કહ્યું, મહત્વના ખનીજો અને ટેક્નોલૉજી ક્ષેત્રે વધારે સહકારની સાથે પૂરવઠા શ્રેણીઓને સલામત અને સ્થિતિસ્થાપક બનાવવા પર ધ્યાન આપવાની જરૂર છે. તેમણે કહ્યું, બ્રિક્સ ન્યૂ ડેવલપમૅન્ટ બૅન્ક પરિયોજનામાં માગ આધારિત નિર્ણય લેવા, નાણાકીય સ્થિરતા અને સારી ક્રેડિટ રેટિંગ જાળવી રાખવા પર ધ્યાન કેન્દ્રીત થવું જોઈએ.

પ્રધાનમંત્રીએ કહ્યું, 21મી સદીમાં લોકોના વિકાસ અને કલ્યાણ માત્ર હદ સુધી ટેક્નોલૉજી, ખાસ કરીને કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I. પર નિર્ભર છે.

(BYTE- PM MODI ON A.I.)

. . . . . . . . . .

# REV PM BRICS SUMMIT

બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં બ્રિટન, રશિયા, ભારત, ચીન અને સાઉથ આફ્રિકાના સમૂહ - બ્રિક્સ શિખર સંમેલનના બીજા દિવસે આજે પર્યાવરણ, સીઓપી-30 અને વૈશ્વિક આરોગ્ય પર એક સત્ર યોજાશે. દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર્યાવરણ કાર્યવાહી માટે ભારતની દ્રઢ

પ્રતિબદ્ધતા વ્યક્ત કરશે. શ્રી મોદી ભારતના લોકો અને પૃથ્વીના વિકાસ માટે કરાયેલા પ્રયાસ અંગે પણ વિસ્તૃત માહિતી આપશે.

બ્રિક્સ સંમેલન બાદ શ્રી મોદી બ્રાઝિલની રાજધાની બ્રાસિલિયા માટે રવાના થશે. કોઈ ભારતીય પ્રધાનમંત્રીની ગત 57 વર્ષમાં આ પહેલો પ્રવાસ હશે. દરમિયાન આવતીકાલે ચાર સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરાશે. વધુ માહિતી અમારા સંવાદદાતા સુધિન્દ્રજી પાસેથી...

(V/C- SUDHINDRA)

.........

# JITENDRA BIOECONOMY

વિજ્ઞાન અને ટેક્નોલૉજી મંત્રી ડૉક્ટર જિતેન્દ્ર સિંઘે કહ્યું, ભારતે વર્ષ 2030 સુધી 300 બિલિયન જૈવ અર્થવ્યવસ્થાનું લક્ષ્યાંક રાખ્યું છે. તેમણે કહ્યું, દેશની જૈવ ટેક્નોલૉજી વ્યવસ્થાએ એક દાયકામાં ઝડપી વિકાસ કર્યો છે. તેમજ 50 સ્ટાર્ટઅપની સંખ્યા વધીને હવે અંદાજે 11 હજાર સુધી પહોંચી છે.

ડૉક્ટર સિંઘે જૈવ ટેક્નોલૉજીમાં યુવા પ્રતિભાઓ સામે આવતા પડકારોનો પણ સ્વીકાર કર્યો. તેમણે કહ્યું, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 વિદ્યાર્થીઓને સરળતાથી તેમના રસના વિષયને ભણવામાં મદદરૂપ થશે.

.........

# NEW KERALA VP VISIT

ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે લોકશાહીના ત્રણ સ્તંભ, કારોબારી, ન્યાયતંત્ર અને વિધાનસભામાં સંતુલન જાળવી રાખવાના મહત્વ પર ભાર આપ્યો છે. શ્રી ધનખડે કહ્યું, પોતાના ક્ષેત્રમાં દરેક સંસ્થા સર્વોચ્ચ છે. એક ક્ષેત્રની બીજા ક્ષેત્રમાં કોઈ પણ પ્રકારની દખલગીરી એ લોકશાહી માટે જોખમી સાબિત થઈ શકે છે.

કેરળના કોચ્ચીમાં આજે રાષ્ટ્રીય કાયદા અને અદ્યતન વિશ્વ-વિદ્યાલયના વિદ્યાર્થીઓ સાથેના સંવાદમાં ઉપ-રાષ્ટ્રપતિએ કહ્યું, ભારતે શાન્તિ અને સદભાવ પર આધારિત વિશ્વના નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવવી જોઈએ. ઉલ્લેખનીય છે કે, ઉપરાષ્ટ્રપતિ હાલ કેરળના બે દિવસના પ્રવાસે છે.

. . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

# RAJNATH DEFENCE ECONOMICS

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે કહ્યું, “ઑપરેશન સિંદૂર” દરમિયાન સ્થાનિક સાધનોની ક્ષમતાના પ્રદર્શનથી સ્વદેશી ઉત્પાદનોની વૈશ્વિક માગમાં વધારો થયો છે. તેમણે કહ્યું, સમગ્ર વિશ્વ ભારતના સંરક્ષણ ક્ષેત્રને નવા સન્માન સાથે જોઈ રહ્યું છે. શ્રી સિંઘ આજે નવી દિલ્હીમાં સંરક્ષણ હિસાબ વિભાગ- D.A.D.ના નિયંત્રકોના સંમેલનને સંબોધી રહ્યા હતા.

(BYTE: RAJNATH SINGH)

ત્રણ દિવસના આ સંમેલનનો વિષય “સંરક્ષણ નાણા અને અર્થશાસ્ત્ર દ્વારા નાણાકીય સલાહ, ચૂકવણી, હિસાબ, પરીક્ષામાં ફેરફાર” છે. સંરક્ષણ મંત્રીએ સંરક્ષણ ક્ષેત્રમાં આવી રહેલા પરિવર્તનનો શ્રેય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વને આપ્યું. શ્રી સિંઘે કહ્યું, મોટા ભાગની આયાત કરનારા સાધન હવે ભારતમાં જ બનાવવામાં આવી રહ્યા છે. સંરક્ષણ ક્ષેત્રે ભારતના ઉદ્યોગોની વૈશ્વિક માગમાં પરિવર્તન માટે તૈયાર રહેવું જોઈએ અને નિકાસ તથા નવીનતામાં મોટી ભૂમિકા ભજવવી જોઈએ, તેમ શ્રી સિંઘે ઉમેર્યું.

..........

# CENSUS WEB PORTAL

દેશમાં આગામી વસતિ ગણતરી દરમિયાન સ્વ-ગણતરી માટે એક સમર્પિત વેબ પોર્ટલ ઉપલબ્ધ રહેશે. આ પોર્ટલ વસ્તી ગણતરી-2027ના બંને તબક્કા માટે ઉપલબ્ધ રહેશે. ભારતના રજિસ્ટ્રાર જનરલ અને વસતિ ગણતરી કમિશનરે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે આ દેશની

પ્રથમ ડિજિટલ વસતિ ગણતરી હશે. અંગ્રેજી, હિન્દી અને પ્રાદેશિક ભાષાઓમાં મોબાઇલ એપ્લિકેશન્સનો ઉપયોગ કરીને ડેટા એકત્રિત કરાશે. ગણતરીકારો અને નિરીક્ષકો માહિતી સંગ્રહ માટે તેમના મોબાઇલનો ઉપયોગ કરશે.

વસતિ ગણતરી-2027 માટે ગયા મહિને જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. બધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તેમના ગેઝેટમાં તેની સૂચના ફરીથી પ્રકાશિત કરવા અને વસતિ ગણતરી માટે નોડલ અધિકારીઓની નિમણૂક કરવા જણાવાયું છે.

.........

# CHOUHAN ICAR

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે આજે ખેડૂતો દ્વારા ઉપયોગમાં લેવાતા ખાતરની ખરાઈ નક્કી કરવા વૈજ્ઞાનિક ટેક્નોલૉજી અને સાધનો પર વિચાર કરવા પર ભાર મૂક્યો. નવી દિલ્હીના પુસા પરિસર ખાતે ભારતીય કૃષિ સંશોધન પરિષદ - ICARની 96-મી વાર્ષિક સામાન્ય સભાને સંબોધતા શ્રી ચૌહાણે કૃષિ ક્ષેત્રે નવીનતા, ટકાઉ વિકાસ અને ખેડૂત કલ્યાણ સંબંધિત વિવિધ વિષયો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી.

રાષ્ટ્ર નિર્માણમાં ખેડૂતોના યોગદાનની પ્રશંસા કરતા શ્રી ચૌહાણે ભારપૂર્વક કહ્યું, હવેથી સંશોધન માત્ર પ્રયોગશાળામાંથી જ નહીં, પરંતુ ખેડૂતના ખેતરમાંથી પણ નક્કી કરાશે.. તેમણે ભારતને વિશ્વનો સૌથી મોટો ખાદ્ય ઉત્પાદક દેશ બનતા કોઈ નહીં રોકી શકે તેવો વિશ્વાસ પણ વ્યક્ત

કર્યો. બેઠકમાં વિવિધ રાજ્યોના નાયબ મુખ્યમંત્રીઓ અને કૃષિ મંત્રીઓ, કેન્દ્રીય મંત્રીમંડળના સભ્યો અને કૃષિ વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . .

# JAIPUR G KISHAN REDDY

કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીએ કહ્યું, કેન્દ્ર સરકારે ખાણકમ ક્ષેત્રના વિકાસ, લોક કલ્યાણ તથા પર્યાવરણ સંરક્ષણ માટે અનેક મહત્વના પરિવર્તન કર્યા છે. શ્રી રેડ્ડીએ આજે રાજસ્થાનના જયપુરમાં સેવન અને ફાઈવ સ્ટાર રેટિંગ પ્રાપ્ત ખાણોના સન્માન સમારોહને સંબોધિત કરતા આ વાત કહી.

શ્રી રેડ્ડીએ કહ્યું, સરકારની નીતિઓમાં ખાણોની આસપાસ રહેતા લોકો અને ખાણોમાં કામ કરતા શ્રમિકોના હિતની સલામતી પણ સુનિશ્ચિત કરવામાં આવી છે.

. . . . . . . . . .

# TURKIYE-TROOPS DEATH

ઇરાકમાં ગુફામાં શોધખોળ દરમિયાન મિથેન ગેસના સંપર્કમાં આવવાથી 12 તુર્કીએના સૈનિકોના મોત થયા છે. તુર્કીએના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું, ગઈકાલે તપાસ કામગીરી દરમિયાન ઓછામાં ઓછા 19 કર્મચારીઓ ગેસના સંપર્કમાં આવતાં તેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. તેમાંથી 12 સૈનિકોએ જીવ ગુમાવ્યા છે.

મંત્રાલયે જણાવ્યું મૃતક સૈનિકો મે 2022માં ઈરાકમાં કુર્દીસ્તાન વર્કર્સ પાર્ટીના આતંકવાદીઓ સામેના એક સૈન્ય અભિયાન દરમિયાન જીવ ગુમાવનાર એક સૈનિકનો મૃતદેહ શોધી રહ્યા હતા.

. . . . . . . . . .